# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

# Shri Govind Guru University
(Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/જોડાણ/૨૦૧૮/૯૬૭૨૯ તા. ૦૨/૦૭/૨૦૧૮

## જાહેર નોટીસ

<u>પરિપત્ર-</u> ૫૬૮

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના આચાર્યશ્રીને જણાવવાનું કે, યુ.જી.સી./રાજ્ય સરકારશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી એક્ટ નં. ૨૪/૨૦૧૫ અનુસાર આ યુનિવર્સીટી કાર્યક્ષેત્રમાં યુ.જી.સી./રાજ્ય સરકારશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટીના જોડાણ નિયમો અનુસાર કોલેજોને જોડાણ/માન્યતા આપવામાં આવે છે પરંતુ કેટલીક બિનઅધિકૃત સંસ્થાઓ દ્વારા વિધાથીઓ અને વાલીઓને ગેરમાર્ગે દોરી રાજ્યની અન્ય યુનિવર્સીટીનું જોડાણ/માન્યતા દર્શાવવામાં આવે છે. વિધાથીઓ અને વાલીઓ દ્વારા યુનિવર્સીટી કાર્યક્ષેત્રમાં આવેલ જે તે સંસ્થા/કોલેજમાં પ્રવેશ મેળવતા પહેલા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી નું જોડાણ/માન્યતા મેળવવું જરૂરી છે.

આથી આ યુનિવર્સીટી સંલગ્ન કોલેજ/સંસ્થા દ્વારા યુનિવર્સીટીનું જોડાણ/માન્યતા મેળવેલ ન હોય તો, યુ.જી.સી./રાજ્ય સરકારશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી એક્ટની કલમ-૭ અનુસાર તે માન્ય સંસ્થા/કોલેજ નથી.

આ પ્રકારની બિનઅધિકૃત સંસ્થાઓને જાણ કરવામાં આવે છે કે, દિવસ-૧૫ સુધીમાં સંસ્થા બંધ કરી યુનિવર્સીટીને જાણ કરવી અન્યથા યુનિવર્સીટી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નકલ રવાના :

(૧) તમામ સંલગ્ન કોલેજો અને પી.જી.સેન્ટરના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર જાણ સારૂં.